# બી.કોમ.સેમ=૨
# નાણાકીય હિસાબી પદ્ધતિ =૨
# Financial Accounting =2

શેરનું વિભાજન, એકત્રીકરણ , શેરનું સ્ટોકમાં અને સ્ટોકનું શેરમાં રૂપાંતર

ડો . મુકેશ પટેલ

**શ્રી એમ.બી .કોલેજ ઓફ કોમર્સ એન્ડ શ્રી જી .એમ.એન લાલજી આર્ટસ કોલેજ , દેહગામ.**

# અર્થ

ધંધામાં વિકાસ થતાં મૂડીમાં ફેરફાર કરવો અનિવાર્ય છે. એકાકી વેપાર , ભાગીદારી પેઢી કે જોઈન્ટ સ્ટોક કંપની ધંધાનો વિકાસ થાય ત્યારે પોતાની જરૂરિયાત મુજબ મૂડીમાં ફેરફાર કરે છે. પરંતુ તે માટે કંપનીધારામાં જણાવેલ નિયંત્રણોનું પાલન કરવું જરૂરી છે.

૨૦૧૩ ના કંપનીધારાની કલમ ૬૧ મુજબ શેરમૂડીવાળી માર્યાદિત કંપની જો આર્ટિકલ્સમાં સત્તા હોય તો મૂડીની કલમમાં ફેરફાર કરી શકે છે.

# શેરમૂડીમાં ફેરફાર કરવાની રીતોને

(1) વધારો કરીને

શેરમૂડીમાં વધારો કરીને તેમાં ફેરફાર કરી શકાય છે.

- નવા શેર બહારપાડીને શેરમૂડીમાં વધારો કરી શકાય
- બોનસ શેર બહાર પાડીને શેરમૂડીમાં વધારો કરી શકાય

# (૨) સ્વરૂપમાં ફેરફાર કરવામાં આવે

(1) શેરનું એકત્રીકરણ કરવું .

નાની રકમનો શેર હોય તેને મોટી રકમના શેરમાં એકત્રીકરણ કરવું . દા.ત. રૂ. ૧૦ નો એક એવા ૧૦૦૦ શેર હોય તો તેને ૧૦૦ નો એક એવા ૧૦ શેર બનાવવા .

(૨) શેરનું વિભાજન કરવું .

મોટી રકમના શેર હોય તો તેને નાની રકમના શેરમાં વિભાજન કરવું. દા.ત. રૂ. ૧૦૦ નો એક એવા ૧૦ શેર હોય તો તેને ૧૦ નો એક એવા ૧૦૦ શેર બનાવવા .

# (૩) શેરનું સ્ટોકમાં અને સ્ટોકનું શેરમાં રૂપાંતર કરવું

- મૂળ કિંમતે શેરનું સ્ટોકમાં રૂપાંતર :

રૂ. ૧૦ નો એક એવા ૧૦૦૦ શેર હોય તો તેનું રૂ ૧૦,૦૦૦ ના ઇકવીટી સ્ટોક માં રૂપાંતર કરવાંમાં આવે તો તેને મૂળ કિંમતે સ્ટોકમાં રૂપાંતર કહેવાય .

- વટાવ થી સ્ટોકમાં રૂપાંતર :

રૂ. ૧૦ નો એક એવા ૧૦ શેરનું રૂ ૧૦૫ ના ઇકવીટી સ્ટોકમાં રૂપાંતર કરવામાં આવેતો તેને વટાવ થી સ્ટોકમાં રૂપાંતર કહેવાય. અહિયાં રૂ. ૫ સ્ટોક પર વટાવ કહેવાય .

- સ્ટોક પ્રીમિયમથી રૂપાંતર :

રૂ. ૧૦ નો એક એવા ૧૦ શેરનું રૂ . ૯૫ ના ઇકવીટી સ્ટોકમાં રૂપાંતર કરવામાં આવે તો તેને પ્રીમીયમ થી રૂપાંતર થયું કહેવાય .અહિયાં રૂ. ૫ સ્ટોક પ્રીમીયમ કહેવાય .

# (૩) ઘટાડો કરીને

- ભરપાઈ નહિ થયેલા શેર રદ કરીને ઘટાડો કરવો.
- ભરપાઈ થયેલી શેરમૂડીનો અમુક ભાગ પરત કરવો.
- ભરપાઈ થયેલ શેરમૂડી પરની જવાબદારી ઘટાડવી કે રદ કરવી .

# શેરોનું એકત્રીકરણ

કંપનીએ શરૂઆતમાં ખુબ ઓછી કિંમતના શેર બહાર પાડ્યા હોય તો તે અંગે કારકુની કામ ખુબ વધી જાય છે. તેથી કેટલીક વાર કંપની નાની રકમના શેર રદ કરી મોટી રકમના શેરમાં ફેરવી નાખે છે. તેને શેરનું એકત્રીકરણ કહેવામાં આવેછે.

ઉદાહરણ ધ્વારા સમજુતી :

એક કંપનીએ રૂ, ૧૦ નો એક એવા ૪૦,૦૦૦ શેર બહાર પાડ્યા હોય તો તેની ભરપાઈ મૂડી રૂ. ૪,૦૦,૦૦૦ હશે. હવે કંપની આ શેર ને રૂ. ૧૦૦નો એક એવા શેરમાં ફેરવી શકે . હવે શેરની સંખ્યા ઘટીને ૪,૦૦૦ની થશે .

કંપનીના ચોપડે આમનોંધ :

| | | |
|---|---|---|
| ઇકવીટી શેરમૂડી ખાતે ( રૂ. ૧૦ ) ઉ . | ૪,૦૦,૦૦૦ | |
| તે ઇકવીટી શેરમૂડી ખાતે (રૂ. ૧૦૦ ) | | ૪,૦૦,૦૦૦ |

# શેરનું વિભાજન કરવું

કેટલીકવાર કંપની મોટી સંખ્યાના શેરનું નાની સંખ્યાના શેરમાં રૂપાંતર કરેછે , તેને શેરનુ વિભાજન કહેવાય છે.

ઉદાહરણ ધ્વારા સમજુતી :

એક કંપની રૂ. ૧૦૦ નો એક એવા ૨,૦૦૦ શેરોનું રૂ. ૧૦ નો એક એવા ૨૦,૦૦૦ શેરોમાં રૂપાંતર કરેતો તેને શેરોનું વિભાજન કહેવાય છે.

કંપનીના ચોપડે આમનોંધ :

ઇકવીટી શેરમૂડી ખાતે ( રૂ. ૧૦૦ ) ઉ ૨,૦૦,૦૦૦

તે ઇકવીટી શેરમૂડી ખાતે (રૂ. ૧૦ ) ૨,૦૦,૦૦૦